

રમેશ ઠક્કર

# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

**મારા શબ્દો ભલે નાશ પામો, કાળ ઉદર માંહી વિરામો.**
**મારા કૃત્ય બોલી રહે તો ય, જગે કેવળ સત્યનો જય !**
**મારો એ જ ટકો આચાર, જેમાં સત્યનો જયજયકાર !**
**સત્ય ટકો, છો જાય આ દાસ, સત્ય એ જ હો છેલ્લો શ્વાસ.**

**ઉમાશંકર જોશી.**

## પાથેય

# વધેરાય છે એ લીલાં નાળિયેર હોય છે !

કહેવાય છે કે સાચ કો આંચ નહીં.પરંતુ વ્યવહારિક જગતમાં જુદું જ જોવા મળે છે.સત્ય ક્યારેક પરાજિત થતું નથી એવું કહેવાય છે. છતાંય ચોતરફ દરરોજ જૂઠાણાનો જયજયકાર થતો જોવા મળે છે એ પણ હકીકત છે.એક સરસ અવતરણ સત્ય ઉપરની શ્રદ્ધા ટકાવી રાખે એવું છે.." આ જગત નીતિ ઉપર નભેલું છે, નીતિમાત્રનો સમાવેશ સત્યમાં છે.."

આ તો થઈ આદર્શની વાત આજે એક એવી કથાનો સાર અહીં મૂક્યો છે જે સત્યની હાલહવાલ બતાવશે. એક વિદેશી કહેવત છે " અસત્ય જયારે અડધો રસ્તો કાપી લે છે ત્યારે, સત્ય તો જોડા પહેરતું હોય છે.." આપણે આદર્શમય રીતે ભલે કહેતા રહીએ કે જગતમાં સત્યનો જ વિજય થાય છે પણ ઘણીવાર જુઠાણાઓની બોલબાલા એવી હોય છે કે આપણી એ શ્રધ્ધા ડગમગી જાય છે...વ્યવહારમાં જોઈએ તો લીલાં નાળિયેર વધેરાઈ જતાં હોય છે..ખોટાં નાળિયેર 'શો-કેઈઝ'માં મઢાય છે..જંગલમાં કઠિયારો સીધાં વૃક્ષો કાપે છે..વાંકાંચૂંકાં ઝાડને કોઈ અડતું નથી...

આવી જ એક વાત લઈને ગૂંથાયેલી નવલકથા એટલે " અંગદનો પગ ".જેના લેખક છે હરેશ ધોળકિયા.અંગદ એ રામની સેનાનો એક વિર યોધ્ધો છે..જે રાવણની સભામાં રામનો સંદેશો લઈને જાય છે.જેનો ઉપહાસ થાય છે..અંગદ ભરી સભામાં પોતાનો એક પગ રાખી એને હઠાવવા લલકાર કરે છે..રાવણનો કોઈ યોધ્ધો એ કરી શકતો નથી..છેવટે રાવણ નીચો નમી અંગદનો પગ હઠાવવા જાય છે..અંગદ પોતે જ એ હઠાવી લે છે...રાવણ ભોંઠપ અનુભવે છે..અંગદનો એ જ સંતોષ છે...

જાહેરજીવન,શિક્ષણ જગત કે સિસ્ટમમાં આવા અંગદ જેવા માણસો હોય છે..એના પગ એટલે કે એની નિષ્ઠાને કોઈ પડકારી નથી શકતું..સર્વોચ્ચ સ્થાને બેઠેલા એની અવહેલના કરી શકે એને પરાસ્ત ના કરી શકે.. કથાનાયક જયોતીન્દ્ર શાહ એક નિષ્ઠાવાન શિક્ષક છે..જેને ફકત વિદ્યાર્થીઓના હિતમાં જ રસ હોય છે...આચાર્ય, ટ્રસ્ટી ,મંત્રી, આવા હોદાઓ માટે એને કોઈ દિલચસ્પી નથી..પોતે એક તેજસ્વી શિક્ષક છે.એનો જ એક જુનિયર કિરણ દવે સામાન્ય બુધ્ધિ ધરાવતો જેને શિક્ષણ સાથે કોઈ લગાવ નથી એવો ખટપટિયો જીવ છે..એને ફકત હોદાઓ અને મોભામાં રાચવાનો શોખ છે..એ જયોતીન્દ્ર માટે તેજોદ્વેષ ધરાવે છે..સતત ખટપટો કરી એને સત્તાથી દૂર રાખે છે.મનોમન હરખાય છે..જયોતીન્દ્ર પોતાના શિષ્યોના ઉત્કર્ષ માટે જ કામ કરે છે..એમાં એને અનહદ આનંદ મળે છે..કથા સદ અને અસદ વચ્ચે ચાલે છે એમાં પળેપળ સત્ય પરાજિત થતું જાય છે..

શિક્ષણ જગતના આટાપાટા..દવેની ખટપટો, અને ટયુશન માટે તડપતા શિક્ષકોની લાલસા આ બધા સામે કથાનાયક મકકમ ઉભો રહે છે .ટયુશન પ્રથા અને ખાનગી સ્કૂલોની મનમાની..પૈસા અને મોહ..લગભગ બધા જ એમાં વ્યસ્ત છે..જયોતીન્દ્ર એનો વિરોધી છે..એનું સર્વસ્વ એ પોતાના વિદ્યાર્થીઓને આપે છે..સાદું સ્વૈચ્છિક ગરીબીનું જીવન જીવે છે..એને ઘણા લાભોથી વંચિત રાખવામાં આવે છે..આ બધાથી કંટાળી છેવટે જયોતીન્દ્ર સ્વૈચ્છીક નિવૃતિ લઈ પોતાની મસ્તીમાં જીવવાનો નિર્ણય કરે છે ..એની ખુમારી અને પરિતોષ સ્પર્શી જાય છે..એની વિદાય વિદ્યાર્થીઓ અને સાચા શિક્ષકોને ગમગીન કરી જાય છે.. છેવટે દવેનો અંતરાત્મા જાગે છે..પોતે ખોટી રીતરસમોથી એક સાચા શિક્ષકને આખી જિંદગી સતાવ્યાનો પસ્તાવો એને કોરી ખાય છે..જયોતીન્દ્રની જિંદગી..શિક્ષણ માટેનો પ્રેમ નિષ્ઠા..અને એની સામે નિમ્ન કક્ષાનું રાજકારણ ખેલી મિથ્યા જીવેલો પોતે,, પોતાને વામણો મહેસૂસ કરે છે.."સેકન્ડ સેટર કદી પ્રતિભાને જોરે આગળ ન આવી શકે એને આગળ આવવા પ્રથમ કક્ષાના લોકોને નુકસાન પહોંચાડવું જ પડે.." એવા મંત્ર સાથે કામ કરતો દવે ,જયોતીન્દ્રની આંતરિક સચ્ચાઈ સામે હારી જાય છે..સત્ય જીતે છે પણ મોટી ખુવારી અને યાતના પછી...!

# છેલ્લા કેટલાય મહિનાઓથી નાટકનો આ અંક ભજવાઈ રહ્યો હતો

કાજલ ઓશીકામાં મોં છુપાવીને રડી પડી. આજે ફરી એક મુરતિયો એને રિજેક્ટ કરીને ચાલ્યો ગયો હતો. જો કે એ જાણતી જ હતી કે આવું બનવાનું હતું. એ એ પણ જાણતી હતી કે હવે શું થવાનું છે. સુરેન્દ્રભાઈના મોબાઈલ ફોનની રિંગ વાગશે અને સામે છેડેથી સ્વર આવશે, "અમને તમારી મોટી દિકરી કરતાં નાની દિકરી વધારે ગમી છે. જો રાજલ માટે વિચારતા હોવ તો અમે તૈયાર છીએ."

અને એવું જ થયું. ધનલક્ષ્મીબેન ઉદાસ ચહેરે કાજલના રૂમમાં પ્રવેશ્યાં. "બેટા કાજલ, એ લોકોએ કહેવડાવ્યું છે કે...." કાજલ મા આગળ મોટેથી રડી પડી. "મને ખબર છે, મમ્મી. આજ પણ મારો કાળો રંગ મને નડી ગયો છે." મા પણ સાથે કચવાતી રહી. "બેટા, આમાં તારો કોઈ વાંક નથી. તારા પપ્પાનો શ્યામ રંગ તારામાં ઊતરી આવ્યો છે. પુરૂષોને તો એ રંગ નડતો નથી. પણ......" પાછળ આવી ચઢેલી રાજલ મલકાઈ રહી. કાજલના ચહેરા ઉપર વ્હાલ તરી આવ્યું. "કંઈ નહીં, મમ્મી. રાજલ તો બચી ગઈ. એને તો તેં તારો રંગ આપ્યો." ગોરી, રૂપાળી રાજલ ફૂલી ન સમાઈ.

છેલ્લાં કેટલાય મહિનાઓથી નાટકનો આ અંક ભજવાઈ રહ્યો હતો. સુરેન્દ્રભાઈની આબરૂ નાતમાં ઘણી સારી હતી એટલે સારા-સારા છોકરાઓની વાત લઈને સંબંધીઓ આવતા પણ જ્યારે છોકરાઓ જોવા આવતા ત્યારે શ્યામવર્ણી કાજલની જગ્યાએ એમને ગૌરવર્ણી રાજલ પસંદ આવી જતી. એક સમયે તો સુરેન્દ્રભાઈએ એવું સૂચન પણ કરેલ કે છોકરો જોવા આવે ત્યારે રાજલને ઘરમાં હાજર જ ન રાખવી. પણ કાજલે એમ કહ્યું કે એ કોઈને અંધારામાં રાખીને લગ્ન કરવા નથી ઈચ્છતી. અને જે છોકરો એના શ્યામ રંગને જોઈને પણ એને પસંદ કરે એની સાથે જ એ જીવન જોડશે.



સ-રસ

મમતા બુચ

પણ આ અંક કેટલો લાંબો ચાલે? કાજલ માટે મૂરતિયાઓ ના પાડી દેતા હતા એમાં તો કાજલની સાથે રાજલની ઉંમર પણ વધતી ચાલી. અંતે એક સરસ માંગું આવ્યું. છોકરો ઓસ્ટ્રેલિયામાં ભણીને ત્યાં જ સ્થાયી હતો. મા-બાપ ભારતમાં રહેતાં હતાં પણ ભવિષ્યમાં દિકરાની પાસે જવાનાં હતાં. છોકરો એક મહિના માટે ભારત આવ્યો હતો. પાર્થિવ એનું નામ. સુરેન્દ્રભાઈના ઘરે મીટિંગ ગોઠવાઈ. પાર્થિવને રસોડાના પડદા બહારથી ચા-નાસ્તાની ટ્રે લઈને ડ્રોઈંગરૂમમાં પ્રવેશતી કાજલ કરતાં પડદા પાછળથી સંતાઈને જોતી રાજલ ગમી ગઈ. એણે ત્યાં જ જાહેર કરી દીધું કે એને રાજલ જ પસંદ છે. જો સુરેન્દ્રભાઈને દિકરી પરણાવવી જ હોય તો એ રાજલ માટે જ વિચારે. બાકી બીજી વાતો કરવાનો કોઈ અર્થ નથી.

એ રાત્રે સુરેન્દ્રભાઈના ઘરમાં લાંબી ચર્ચાઓનો દોર ચાલ્યો. સુરેન્દ્રભાઈ અને ધનલક્ષ્મીબેન એ વાતે મક્કમ હતાં કે કાજલની પહેલાં રાજલનાં લગ્ન નહીં થાય અને કાજલ એ વાતે વધારે મક્કમ હતી કે સારું ઘર અને છોકરો ફક્ત સેન્ટિમેન્ટલ થઈને જવા ન દેવાય. આખરે કાજલની જીદ આગળ મા-બાપે નમતું જોખ્યું. રાજલ ખુશીના અતિરેકમાં કાજલના કાનમાં ગણગણી ઊઠી, "આને કહેવાય નસીબ! કોઈકનાં સોનાં જેવાં ચમકતાં તો કોઈકનાં કથીર જેવાં કાળાં!" પણ કાજલની આંસુ ભરેલી આખોમાં બહેનનાં લગ્નની ખુશી એટલી બધી તરવરતી હતી કે એની પાછળ રહેલા દુઃખની ખારી ભીનાશ ક્યાંય ઢંકાઈ ગઈ.

રાજલનાં લગ્ન ધામધૂમથી પાર્થિવ સાથે થઈ ગયાં. એના લગ્નમાં પતંગિયાની જેમ ઊડાઊડ કરતી કાજલને જોઈને સૌ કોઈ અચંબામાં પડી જતાં હતાં કે લગ્ન રાજલનાં છે કે કાજલનાં! આટલો બધો ઉમંગ! એમાં જ જ્ઞાતિના એક યુવાન વિવેકની નજરમાં એ વસી ગઈ. એણે એનાં માતા-પિતાને વાત કરી. મા-બાપ સુરેન્દ્રભાઈને મળ્યાં.

વિવેક એક ફાર્માસ્યુટિકલ કંપનીમાં સામાન્ય, સારી નોકરી કરતો સાધારણ દેખાવનો સીધો-સાદો યુવાન હતો. એક મોટી બહેન હતી જે પરણીને સાસરે હતી. ઘર સંસ્કારી ગણાતું હતું. સુરેન્દ્રભાઈને કાજલ માટે આનાથી વધારે સારું ઠેકાણું મળે તેમ નહોતું.

કાજલ અને વિવેકનાં લગ્ન માટે છ મહિના પછીનું મુહૂર્ત નીકળ્યું. રાજલ તો લગ્ન પછી તરત જ ઓસ્ટ્રેલિયા પહોંચી ગઈ હતી. હરખભેર ધનલક્ષ્મીબેને ઓસ્ટ્રેલિયા ફોન લગાવ્યો. "હેલો રાજલ બેટા, કાજલનાં લગ્ન છ મહિના પછી લેવાનાં છે. તું ને પાર્થિવકુમાર વહેલાં આવી જજો."

પણ રાજલે ફોન મૂક્યા પછી એને પાર્થિવનો કરડો અવાજ સંભળાયો. "તારી માને કહી દેજે કે ઓસ્ટ્રેલિયાથી ઈન્ડિયા જવું એ અમદાવાદથી આણંદ જવા જેવું નથી. કેટલાની ટિકિટ થશે, ખબર છે? હજી તો તું અહીં બરાબર કમાતી પણ નથી થઈ કે તારો ખર્ચો પણ તું કાઢી શકે. ના પાડી દેજે ઘસીને." રાજલના શબ્દો "પણ મારાં મા-બાપને બીજું છે કોણ" પાર્થિવના રોષની હવામાં વરાળ થઈને ઊડી ગયા. એ રાતે રાજલ ઓશિકામાં મોં છુપાવીને રડતી રહી.

બીજે દિવસે એ નાસ્તો બનાવી રહી હતી ત્યારે પાર્થિવનો સ્વર પાછળથી સંભળાયો. "આજ મારો નાસ્તો ન બનાવતી. હું ને મારી સેક્રેટરી રોઝી એક કંપનીના ઓનરને મળવા જવાનાં છીએ ત્યાં જ નાસ્તો કરી લઈશું." રાજલના ચહેરા ઉપર ઉદાસી તરી આવી. "પાર્થિવ, અત્યારે જ તો આપણે શાંતિથી વાત કરી શકીએ છીએ. પછી તો તમે આખો દિવસ ઓફિસમાં હોવ છો." પાર્થિવનો અવાજ ઊંચો થયો. "તો તારું કહેવું એમ છે કે મારે આખો દિવસ તારી સામે બેસી રહેવું?" રાજલ ઢીલી પડી ગઈ. "ના, એમ નહીં. તમને બેસીને નાસ્તો કરવાનો ટાઈમ ન હોય તો હું નાસ્તો પેક કરી આપું? ઓફિસમાં ટાઈમ મળે ત્યારે...." એની વાત પાર્થિવના ધૂંધવાટભર્યા શબ્દોથી કપાઈ ગઈ. "ઓહ કમ ઓન યૂ ઓવર-ઈમોશનલ ઈન્ડિયન ગર્લ! તારા નાસ્તામાં હોય છે પણ શું? ઈડલી, પૌઆ, ઢેબરાં! તું મારી સાથે ચિકન કે સી-ફૂડ લઈશ? વ્હીસ્કીના ઘૂંટ મારીશ? બોલ...."

રાજલનો અત્યાર સુધી ખાળી રાખેલો બંધ તૂટી ગયો. "તો મને અહીં શું કામ લાવ્યા છો?" પાર્થિવ નિષ્ઠુર સ્વરે બોલ્યો, "મારાં મમ્મી-ડેડીને સાચવવા. એ લોકો અહીં આવશે તો એમને રાંધીને કોણ ખવડાવશે? આ ઘરને કોણ સાચવશે? અને ડાર્લિંગ, ક્યારેક મને રોઝીથી કંટાળો આવશે તો તારી ગોરી સ્કિન તો મારા માટે છે જ ને!" જોસભર બારણું પછાડીને બહાર નીકળી ગયેલા પાર્થિવના શબ્દો સાંભળીને રાજલ ત્યાં જ ફસડાઈ પડી.

બીમાર હોવાનું બહાનું કાઢીને બહેનનાં લગ્નમાં ન આવેલી રાજલ વગર જ કાજલનાં લગ્ન થઈ ગયાં. વિવેક ધાર્યા કરતાં ઘણો વધારે સારો પતિ પૂરવાર થયો. કાજલ અને એનાં મા-બાપની એ ખૂબ કાળજી લેતો. એના જીવનમાં પણ કાજલનાં પગલાં શુકનિયાળ સાબિત થયાં. એની ફાર્માસ્યુટિકલ કંપનીમાં એના કામની કદરરૂપે એને પ્રમોશન મળતું ગયું અને પાચ વર્ષના અંતે એ ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન થઈ ગયો.

એક દિવસ એણે નવરાશના સમયે કાજલને પ્રેમથી પૂછ્યું, "કાજલ, આ રાજલને શું બીમારી છે? બિચારી ઈન્ડિયા આવી જ નથી શકતી. મારી કંપની ફાર્માસ્યુટિકલ છે. એને અહીંની કોઈ દવા માફક આવી જાય તો....એને પૂછવું છે?" ધનલક્ષ્મીબેનના મોંઢેથી રાજલની "બીમારી"નું સાચું કારણ જાણી ચૂકેલી કાજલની જીભે શબ્દો આવીને અટકી ગયા- "આને કહેવાય નસીબ! કોઈકનાં સોનાં જેવાં ચમકતાં તો કોઈકનાં કથીર જેવાં કાળાં!"

mtabuch150@gmail.com

# તમારે ભયથી મુક્ત થવું હોય તો શ્રદ્ધાવાન બનો

મને એવું લાગે છે કે જ્યારથી માણસે આસ્થા અને શ્રદ્ધાના વિષયને વિજ્ઞાન સાથે જોડવાનું ચાલું કર્યું ત્યારથી ગરબડ થવાની ચાલું થઈ ગઈ છે. ભગવાન છે કે નથી? આવો સવાલ પૂછાય ત્યાં સુધી સહ્ય છે. એનો જવાબ તમે ફક્ત "હા" કે "ના" માં આપી દો એ ચાલી જાય, ખરી તકલીફ એ જવાબને સાબિત કરવાની જરૂર ઊભી થાય ત્યારે ઉભી થાય છે.

જેણે આપણને સૌને બનાવ્યા, જે હજી આપણા સૌનું સાંભળે છે, સંભાળે છે એના હોવાપણાની સાબિતી ભલા શી રીતે આપી શકાય. એ છે જ એમ સ્વીકારી શકો તો સ્વીકારી લો નહીંતર એને શોધ્યા કરો, છેલ્લે કંઈક તો ચોક્કસ હાથ લાગશે એ નક્કી છે.

સાલ ૨૦૧૩માં કેદારનાથમાં જે ભયંકર પૂર આવેલું એ ઘટના હજી તમને યાદ હશે. એ સમયે વાદળો ખૂબ તેજ ગતિથી કેદારનાથ બાજુ આવી રહ્યા હતા. આપણા હવામાન ખાતાની ગણતરી પ્રમાણે ચોમાસું એના નિયત સમય કરતાં બે અઠવાડિયા પહેલાં આવી ગયું હતું અને પછી એ વાદળો વરસવાના ચાલું થઈ ગયા હતા.

એ વખતે જે હોનારત થઈ એમાં બચી ગયેલા લોકોની વાત સાંભળતા જાણવા મળે છે કે એ આખી ઘટના જ નવાઈ ભરેલી હતી. સામાન્ય રીતે પર્વતીય વિસ્તારમાં ભારે વરસાદ થાય અને જે પાણીનો ધોધ વાદળમાંથી ખાબકે એના કરતાં કેટલાય ઘણું વધારે પાણી ત્યાં વહી આવ્યું હતું. વૈજ્ઞાનિકોનું માનવું હતું કે એ પર્વતની અંદર સંગ્રહાયેલું પાણી હતું જે અચાનક જ વરસાદ સાથે બહાર નીકળી આવ્યું હતું.

વૈજ્ઞાનિકોની વાત માની શકાય એવી હતી. એ પાણી જે આખા કેદારનાથને ધમરોળી ગયું હતું એ સાદું વરસાદી પાણી નહોતું. ત્યાંના રહેવાસીઓના જણાવ્યા મુજબ એ કાળા રંગનું અને ગંદી વાસ મારતું એવું પાણી હતું જે કદાચ કોઈ બંધિયાર જગ્યાએથી વરસો બાદ બહાર આવ્યું હતું. વરસાદ બંધ થયા બાદ વૈજ્ઞાનિકોની ટુકડી એ પાણી ક્યાંથી આવ્યું હશે એ રહસ્ય પરથી પડદો ઉઠાવવા મથી રહી હતી ત્યારે જે જાણવા મળ્યું એ અકલ્પનીય છે...

કેદારનાથ મંદિર આવેલું છે એ પર્વતની ટોચથી સહેજ નીચે, પથ્થરોની વચ્ચે એક નાનકડા તળાવ જેવી રચના કુદરતી રીતે જ બનેલી હતી. જ્યારે પણ વરસાદ વરસે કે પર્વત પરનો બરફ ઓગળે ત્યારે સૌથી પહેલા એ તળાવ ભરાતું પછી પાણી નીચેની બાજુએ આગળ વધતું. એ દિવસે અચાનક જ તેજ પવન સાથે વાદળો ધસી આવ્યા હતા. ભારે વરસાદ ચાલું થયો હતો. વીજળીઓ કડકી રહી હતી અને કદાચ એવા જ એક કડાકામાં અકસ્માતે એ તળાવની પાળ તૂટી ગઈ હતી...

તમારા માથે કોઈ પાણી ભરેલી ડોલ ઊંધી વાળી દે તો શું હાલ થાય? બસ, એવું જ કંઈ એ દિવસે કેદારનાથમાં બન્યું હતું. તળાવની પાળ તૂટતાં જ ત્યાંથી હજારો લીટર પાણી નીચે વહી આવ્યું હતું. વરસાદ સતત ચાલું હતો. લોકો હજી સમજે કે આટલું બધું પાણી ક્યાંથી આવી રહ્યું છે એ પહેલાં તો એક જાટકા સાથે કેટલીય દુકાનો, ઘર, નાના ગામ ગાયબ થઈ ગયેલાં.

ખરી નવાઈની વાત હજી હવે આવે છે, જે એક મોટો પથ્થર અથડાવાને લીધે એ વરસો જૂનું તળાવ તૂટી ગયેલું એ જ પથ્થર ત્યાંથી આગળ રગડતો રગડતો જ્યાં ભોલેનાથનું મંદિર છે એનાથી પંદરેક ફૂટ દૂર આવી અટકી ગયો હતો. એ પથ્થર કંઈક એવી રીતે અટક્યો હતો જેથી ઉપરથી વહી આવતું ધસમસતું પાણી એ પથ્થર સાથે ટકરાઈ બે ભાગમાં વહેંચાઈ જતું હતું અને મંદિરની બંને બાજુએથી વહીને નીચે ચાલ્યું જતું હતું. જે પથ્થરને લીધે આ હોનારત સર્જાઈ એ જ પથ્થરને લીધે કેદારનાથમાં આવેલું દિવ્ય મંદિર બચી ગયું! હવે કહો આ ઘટનાને તમે શું કહેશો?

એક મોટા પથ્થરનું અચાનક ત્યાં આવી ચઢવું, વરસો જૂના તળાવનું એકાએક તૂટી પડવું, મુશળધાર વરસાદ, હજારો લીટર પાણીમાં આખું કેદારનાથ સાફ થઈ જવું અને વરસો જૂનું મંદિર એમનું એમ અડીખમ ઉભું રહી જવું આ ચમત્કાર નથી તો બીજું શું છે. આ બધી ઘટના સમજવા તમે ભલે ગમ્મે એટલાં વૈજ્ઞાનિક કારણો શોધ્યા કરો આસ્થાળું જીવ તો એમ જ કહેશે કે જે થયું એ શિવજીની મરજીથી થયું!

થોડા સમય પહેલાં વેઈન વોલ્ટર ડાયર નામના એક અમેરિકન લેખકનું પુસ્તક, 'યોર સેકરેડ સેલ્ફ' **(Your Sacred Self)** મારા હાથમાં આવી ગયેલું. એમાંના એક કાલ્પનિક વાર્તાલાપમાં બે ભ્રુણ માતાના પેટમાં પડ્યા વાતો કરી રહ્યા છે...



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

એક પૂછે કે કે તને ગર્ભમાંથી બહાર પણ જીવન છે એ વાતે વિશ્વાસ છે? ત્યારે બીજું કહે છે, ના. આ ગર્ભ જ આપણી દુનિયા છે અહીંથી બહાર નીકળ્યાં કે તરત બધું સમાપ્ત થઈ જશે. જો ખરેખર આ ગર્ભની બહાર જીવન હોત તો ક્યારેક તો કોઈ અહીં પાછું આવત ને, આવ્યું કોઈ?

પહેલું કહે છે, એવું પણ બની શકે ને કે અહીંથી બહાર નીકળતા આપણે આપણા હાથ પગનો ઉપયોગ કરી શકીએ. જાતે ચાલી શકીએ, મોઢાં વડે ચાવીને ખાઈ શકીએ. આંખો ખોલીને એક નવી દુનિયા જોઈ શકીએ, વધારે પ્રકાશ માણી શકીએ. બીજું કહે ચૂપ કર મુરખ. આ જે ગર્ભનાળ આપણી સાથે જોડાયેલી એ આપણને પોષણ આપે છે. આપણા જીવિત રહેવા માટે એ જરૂરી છે જે દિવસે આપણે એ નાળથી અલગ થઈશું મરી જઈશું. આપણી દુનિયા આ ગર્ભ જ છે. એની બહાર સિવાય મોત બીજું કંઈ જ નથી.

એવું ના બની શકે કે આ ગર્ભમાંથી બહાર નીકળતા જ આપણી માતા આપણને પ્રેમથી હાથમાં લઈ એની છાતીમાંથી નીકળતું અમૃત પિવડાવે, આપણું ધ્યાન રાખે અને આપણે હાલ છીએ એના કરતાંય કેટલાય ઘણા વધારે ઊંચા અને હોશીયાર બની જઈએ. બીજું ભ્રુણ આ સાંભળી કહે તું પાગલ થઈ ગયો છે? માતા? એ કોણ છે વળી, કોઈએ એને જોઈ?

માતાને મેં જોઈ નથી પણ હું એને અનુભવી શકું છું. મને એનો અવાજ સંભળાય છે. બીજું ભ્રુણ કહે, ચૂપ રહે, ખોટી વાતો કરી મારું મગજ ના ખા. બહાર કોઈ માતા આપણી રાહ જોઈ નથી બેસી રહી. આપણે જ્યાં સુધી આ ગર્ભમાં છીએ ત્યાં સુધી જ જીવન છે. સલામતી છે. સુરક્ષા છે. જેવા આ ગર્ભની બહાર નીકળ્યા કે મરી જઈશું. બહારની તેજ રોશનીમાં આપણે આંખો ખોલી કંઈ જોઈ પણ નહીં શકીએ.

પહેલું ભ્રુણ કહે ખાલી એટલા માટે કે આપણે માતાને જોઈ નથી એટલે એ ક્યાંય છે જ નહિ એમ માની લેવાનું? ક્યારેક શાંત ચિત્તે એને યાદ કરતા મને એક અવાજ સંભળાય છે, એ આપણી ચિંતા કરી રહી છે, આપણી મદદ કરી રહી છે એવું અનુભવાય છે અને એ બધું ખોટું છે એમ માનવાને હું તૈયાર નથી.

હવે આ જ સંવાદને તમે બે ભ્રુણ ને બદલે બે માનવ વચ્ચે કલ્પી જુઓ...ભગવાન છે કે નહિ? છે તો ક્યાં છે? આપણને એ દેખાતા કેમ નથી? વગેરે વગેરે સવાલો જ્યારે માનવો વચ્ચે ચર્ચાય ત્યારે જે જવાબ મળે એય કાંઈક આવા જ નથી હોતા!

**અમસ્તું,**

ફિલોસોફી અને વિજ્ઞાન આ બંનેને એક સાથે સમજવા જતા ઉકેલ મેળવવા કરતાં ઘુંચવાઈ જવાના ચાન્સ વધી જાય છે.

@Niyati Kapadia

# ધન જીવનને ધન્યતા બક્ષે તો સાર્થક... બાકી બધું નકામું...!

**ન્યાય નીતિ સૌ ગરીબને ,મોટાને સૌ માફ ;**
**વાઘે માર્યું માનવી , એમાં સો ઇન્સાફ !**

" બડે બાપ કી ઓલાદ " - એ સર્જેલાં " વિસ્મય " અને " તથ્ય " માનવ સમાજ માટે લાલ બત્તી સમાન છે.એક પાઈની પેદાશ ન કરનારો લબર મુછીયો અડધી રાતે કરોડની ગાડીમાં હવામાં ઉડે...ને ...નવ - નવ જિંદગીને લસોટી નાખે છતાં રુવાળુંય ન ફરકે !! બાપ તો એનાથીય જાય એવો...

માલેતુજાર બાપના છાકટા - છકેલા નબીરાઓના મનમાં એક રાઈ ભરેલી હોય છે કે, " હું ગમે તે કરીશ તો પણ મારો બાપ મારો વાળ પણ વાંકો નહીં થવા દે. "

રાજકીય સાંઠગાંઠ ને પૈસાના જોરે ધાર્યું પાર પાડનારાઓને કોનો ભય હોય ?! અનીતિ આચરી એકઠી કરેલી સંપત્તિ ને જણીને છુટ્ટી મુકેલી રેઢિયાર સંતતિનું ભયાવહ રૂપ જોઈ માનવ સમાજ હતપ્રભ થઈ ગયો છે...

આવાં અપરિપક્વ ઉન્માદી માનસ અકલ્પનિય દુર્ઘટનાઓ સર્જે ...માનવતાનું નિકંદન કાઢી નાખે...ને પછી મગરનાં આંસુ સારવાનાં... જીવતર ઉંઝાડી નાખ્યા પછી રૂપિયાની લ્હાણી કરવાની...પ્રજાના પૈસે પટાપિંડી કરવાની...! આ ક્યાંનો ન્યાય..? ગુનેગારોના કરતુત બદલાયાં ને રૂપ પણ બદલાયાં ત્યારે વર્ષો પુરાણા કાયદા સમય સાથે બદલવા પડે...કાયદાના ગાળીયા એવા મજબૂત બનાવવા પડે કે જેથી સમાજમાં ગુનાખોરી ઘટે...દુનિયાની સૌથી મોટી લોકશાહીની ગુલબાંગ પોકારતાં પહેલાં દેશવાસીઓને આદર્શ નાગરિક ધર્મની કેળવણી આપવી ઘટે. લોકશાહીએ બક્ષેલી સ્વતંત્રતાએ સ્વચ્છંદીપણાનાં વમળો સર્જ્યા છે ત્યારે અપરાધીઓને દાખલા રૂપ સજા કરીને સમાજને અનુશાસિત કરીએ એ સમયની માંગ છે.

આપણો આજનો સમાજ , આપણી યુવાપેઢી કયા માર્ગે ? આ સંદર્ભે વિચારવાનો સમય આવી ગયો છે. એક સમયે સમાજના શ્રેષ્ઠ પુરુષો જે દિશામાં વિચારતા હોય તેનો પ્રભાવ આમ જનતા ઉપર પડતો.એ દિશામાં કદમ ભરવા સરેરાશ માણસને મન થતું. આજે આદર્શ બદલાયા... સમાજ ભોગવાદના ભરડામાં સપડાયો છે.સામાજિક સમસ્યાઓનો સતત ગુણાકાર થતો રહ્યો છે.આબાલવૃદ્ધ સૌ કોઈમાં ન ધારેલી વર્તણૂંકની ઘટનાઓ ટીવી અને અખબારી પાને ચમકવા લાગી છે..." કૂવામાં હોય તો હવાડામાં આવે " -એ કહેવત આ અર્થમાં આજે વધુને વધુ પ્રસ્તુત બનતી જાય છે.

દોસ્તો, વધતું જતું શહેરીકરણ તેમજ સોસાયટી કલ્ચરે પોતીકી ઓળખ ઝૂંટવી લીધી છે...પરિવારનો માહોલ બદલાયો ...સૌ પોતપોતાના તાનમાં... બસ ખાઓ , પીઓ ને મજા કરો...પોતાનાં યુવાન દીકરા - દીકરી વેળા - કવેળાએ રખડયા કરે છતાં માબાપના પેટનું પાણીએ ન હાલે..?!! અમારા ગામડામાં તો માવતરની ધાક રહેતી...કેમ મોડું થયું ? - ક્યાં ગ્યા' તાં ? - આવા સવાલોથી સ્વાગત થતું... ભલે પરણેલા કે કમાતા ધમાતા કેમ ન હોઈએ. અરે , ચોવીસ કલાક માટે ક્યાંક બહાર જવાનું થાય ત્યારે તો માબાપને પગે લાગીને જવાનું ને આવે ત્યારે પણ પગે લાગીને જ ઘરમાં પ્રવેશનારાં સંતાનો ને દંપતી મેં જોયાં છે.

**આપણા નીતિશાસ્ત્રમાં કહેવાયું છે ,**
**" યૌવનં ધનસંપત્તિ પ્રભુત્વમવિવેકિતા ,**
**એકૈક મપ્યનર્થાય કિમુ યત્ર ચતુષ્ટયમ .** " - આ જ વાત આપણા લોકસાહિત્યએ પણ કરી છે...

" ધન , જોબન ને ઠાકરી , તે ઉપર અવિવેક ,
એ ચારે ભેગાં મળે તો અનરથ કરે અનેક. "

આજે ભૌતિક ને ભોગવાદ ના રવાડે ચડેલી મનવજાતમાં આ ચારેય નો સમન્વય જોવા મળે છે . પછી પૂછવું જ શું ? તેથી આપણા ઋષિઓએ આવા વૈભવવીરો રૂપી રાજપુત્રોને ઉદ્દેશીને કહેવું પડ્યું છે , " રાજપુત્રોવત તત્વોપદેષ્ટવ્ય ." જેથી આવી વ્યક્તિઓ સંયમમાં રહે..



લાગણીનો મેળો

રસિક વાળંદ

છેલ્લે , દક્ષિણ ભારતના મહાન સંત તિરુવલ્લુવરનો એક પ્રસંગ યાદ આવે છે. " તેઓ પોતાના પ્રવચનોથી લોકોની સમસ્યા ઉકેલતા . એક દિવસ કોઈ મોટા નગરશેઠ તેમની પાસે આવ્યા અને કહ્યું ," બાપજી , મેં પાઈ પાઈ કરીને દીકરા માટે અપાર ધન સંપત્તિ ભેગી કરી, પરંતુ તે જ દીકરો મારા ધનને વેડફી રહ્યો છે . હું ખૂબ જ ચિંતામાં છું . ખબર નહીં , ભગવાન મને ક્યા કર્મોની સજા આપી રહયા છે " સંત તિરુવલ્લુવરે કહ્યું, " શેઠજી , તમારા પિતાએ તમારા માટે કેટલી સંપત્તિ વારસામાં છોડી હતી ? " શેઠે જવાબ આપ્યો, " એ ખૂબ ગરીબ હતા, તેઓ એ મારા માટે કંઈજ સંપત્તિ છોડી ન હતી." સંતે કહ્યું , " તમારા પિતાજીએ તમને વારસામાં ગરીબી આપી છતાં તમે આજે આટલા ધનવાન છો અને તમે આટલી બધી સંપત્તિ ભેગી કર્યા છતાં તમે વિચારો છો કે તમારા દીકરાને ગરીબીમાં જીવન વિતાવવું પડશે ? " શેઠે જવાબ આપ્યો , તમારી વાત સાચી છે, બાપજી , પરંતુ મારાથી કયાં ભૂલ રહી ગઈ કે મારો દીકરો વ્યસનોમાં જ ડૂબેલો રહે છે."

સંત તિરુવલ્લુવરે કહ્યું, " તમે એમ વિચારીને ધન કમાવવામાં લાગી રહ્યા કે સંતાન માટે ધનના ઢગલા કરી દેવા માત્રથી એક પિતાનું કર્તવ્ય પૂર્ણ થઈ જાય છે. આ ચક્કરમાં તમે તમારા દીકરાના શિક્ષણ અને સંસ્કારો પર કંઈજ ધ્યાન ન આપ્યું. એક પિતાનું પોતાના પુત્ર પ્રત્યે સૌ પ્રથમ કર્તવ્ય એ છે કે તે તેને સમાજમાં પ્રથમ હરોળમાં બેસવા લાયક બનાવે . બાકી તો બધું તે પોતાના બળે જ મેળવી લેશે."

સંતની વાણીથી શેઠની આંખો ખુલી ગઈ અને પોતાના દીકરાને યોગ્ય રસ્તે આગળ લઈ ગયા...

સાચે જ અર્થે (ધન ) અનર્થ સર્જ્યા છે...વિદ્યાવૃત્તિ ઘટી છે..બીપીએલ કાર્ડ ધારકોની સંખ્યાની જેમ બીપીએલ - બાપાના પૈસે લહેર - કરનારા વધ્યા છે...!!

ધન જીવનને ધન્યતા બક્ષે તો સાર્થક ...બાકી બધું નકામું...!

**સ્પર્શમણિઃ**

- **જે શર્ટના કોલર ઊંચા થઈ જાય એ ખીંટી પરથી પડી જ જાય.**
- **મોટાઈ નહીં સાહેબ, બની શકે તો માણસાઈ દેખાડો..!!**

- rasikvaland1965@gmail.com
9913426949